શબ્દ સરવાણી

દોહો

મીઠા સબસે બોલીયે, સુખ ઉપજે ચહુ ઓર,
વશીકરણ યહ મંત્ર હે, તજિયે વચન કઠોર.

જોડકણું

ભીખા ભૂખા કોઈ નહીં, સબકી ગઠરી લાલ
ગિરહ ખોલ દેખત નહીં તા બિધિ ભયે કંગાલ

સુભાષિત

બાહર ઢૂંઢે નહીં મિલે, ક્યોં ચાહે વિનાશ
સત્પુરુષ કે આશરે, કર લે જ્ઞાન પ્રકાશ

ચોપાઈ

દૈહિક દૈવિક ભૌતિક તાપા
રામ રાજ નહિ કાહુહિ વ્યાપા
(રામના રાજ્યમાં કોઈપણ માણસ શરીરથી રોગી નથી,
દૈવી પ્રકોપ નથી કે કોઈ જ આધી, વ્યાધિ, ઉપાધિ નથી)

સોરઠો

ઘેર ઘેર ચોવટ જાય, પોતાની કથા કરે,
ધૂળ પડી ડહાપણમાંય, સાચું સોરઠિયો ભણે.

છપ્પો

વિષય માદક પુરુષે ભક્ષ કર્યો, ત્યારે બુધ્યનેત્રે ભ્રમ જ સ્ફૂર્યો
ભ્રમ પડતે હરિદૃષ્ટિ ગઈ, ત્યારે નેત્રે માયા આવી રહી
માયા બળ છે અખા પ્રચંડ તેનાં દર્શન છનું પાખંડ

શ્લોક

ધીરાણાં ભૂષણાં વિદ્યા, મંત્રીણાં ભૂષણં નૃપ:
ભૂષણં ચ પતિ: સ્ત્રીણાં, શીલં સર્વસ્ય ભૂષણમ
(ધીરજનોનું ભૂષણ વિદ્યા છે, મંત્રીઓનું ભૂષણ રાજા છે,
સ્ત્રીઓનું ભૂષણ પતિ છે જ્યારે શીલ બધાનું ભૂષણ છે)

શીખ

તુરિયું કહે ત્રણ દહાડા ને ચીભડું કહે હું ચાર,
પરવળ કહે હું પાંચ દહાડા, કાંદા લસણ વારંવાર.

જાણવા જેવું

- કાર્યકુળની બિટરલિંગ માછલીમાં નર માછલીને ગુપ્તાંગ તરીકે છિદ્ર હોય છે અને માદા માછલીને લિંગ હોય છે છતાં માદા માછલી જ ઇંડાં મૂકે છે.
- સૌથી વધુ લંબાઈ ધરાવતું કીટક જૂતાંદોરી કૃમિ મનાય છે, જે ઉત્તર સમુદ્રમાં થાય છે. તેની લંબાઈ ૫૪ મીટર હોય છે.
- ધરતી ઉપરનું સૌથી મોટું પ્રાણી આફ્રિકી હાથી છે, જેનું વજન ૬ ટન અને ઊંચાઈ ૪ મીટર હોય છે.
- બોઇંગ ૭૪૭ વિમાને માત્ર ૩૬ કલાક, ૫૪ મિનિટ, ૧૫ સેંકન્ડમાં જ સમગ્ર પૃથ્વીની પરિક્રમા કરી બતાવી છે.
- વિશ્વનું સૌથી નાનું જંતુ માયકોટપ્લાઝમા છે, જેનું કદ એક મીટરના એક કરોડમા ભાગ જેટલું છે. એટલે કે એક ચ્રામ ઉપર ૧૬ મીંડાં ચડાવીએ તેટલામાં ભાગનું છે.

સંકલન : પી એમ પરમાર 'દર્શન'

ઊનાળો

સૂકી તલાવડીમાં ઊભો ઉનાળો ને
નદીઓના પટમાં ઊંઘે ઊનાળો
વડલાની છાંયમાં બેઠો ઊનાળો
ને લીમડાની ડાળે ઝૂલે ઊનાળો
વગડાની વાટમાં ભટકે ઊનાળો
ને શહેરોની શેરીઓમાં ભૂખ્યો ઊનાળો
કલબલતાં છોરાંની શાળાએ જઈને પછી
સૂના એ ઓરડામાં પેઠો ઊનાળો
વૈશાખી વાયરાનું ડમરું લઈને પછી
ભૈરવ બન્યો છે આજ જોગી ઊનાળો
ડામરિયા સડકો પર બમ બમ બોલે ને
ધૂળભર્યો જટાળો બાવો ઊનાળો
લીમડાના મોરમાં પીવાય ઊનાળો
ને ચોરાહે તડબૂચમાં બેઠો ઊનાળો
શેઢાની વચ્ચે સૂતેલા ખેતરમાં
આમતેમ ફરતો ને હાંફે ઊનાળો
હડકાયા કૂતરાની જેમ જીભ કાઢતો
ને ભૂરૂરાટા આખલા જેવો ઊનાળો
વસ્તરવિહિન સૌ પર્વત પડ્યા ને
એની ખીણોમાં ગૂપચૂપ બેઠો ઉનાળો

-શૈલેષ પંડ્યા

નવચેતના સંસ્થા દ્વારા ૧૪મીએ કારકિર્દી માર્ગદર્શન સેમિનાર

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં નવી ઉભરેલી નવચેતના સંસ્થાની અગત્યની બેઠક આજે સવારે ૧૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલના સમિતિ ખંડમાં આઈ.એ.એસ. અધિકારી અને અન્ય સામાજિક સહકાર્યકરોની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં આગામી ૧૪મી એપ્રિલે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મ દિન નિમિત્તે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજવા સંદર્ભે ચર્ચા બેઠક થઈ હતી. સંસ્થાના સેવાભાવી કાર્યકરો દ્વારા ગાંધીનગર શહેર અને આસપાસના ગામડાઓના બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને કારકિર્દીઅંગે જરૂરી માહિતી મળે તથા યોગ્ય માર્ગદર્શન સાથે પોતાનું જીવન ઉન્નત બનાવી શકે તેવા આશય સાથે સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવશે.

કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં વિદ્યાર્થીઓ અને વાલીઓને ધોરણ-૧૦ પછી શું ? ધોરણ - ૧૨ પછી શું ?, કોલેજમાં કયા વિષયો પસંદ કરવા ?, કયા ક્ષેત્રમાં જવાથી પોતાની કારકિર્દીસારી બનશે ? વગેરે પ્રશ્નો તથા સ્ટ્રેશ મેનેજમેન્ટ સંદર્ભે માનસિક તનાવ અને પરીક્ષાનો ડર તથા પ્રસન્ન જીવન વિષયે જાણીતા મનો ચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદ, રોજગાર વિનીયમ કચેરીના સુદેશભાઈ અમીન અને જાણીતા વક્તા કલ્યાણસિંહ ચંપાવત આ પ્રસંગે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવશે.

અમદાવાદ ખાતે કે પી વિદ્યાર્થી ભવનના નવીનતમ ભવનનો શિલાન્યાસ આજે

રાજ્યપાલના હસ્તે સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ તથા વિદ્યાર્થી-અગ્રણીઓનું કન્વેન્શન પણ યોજાશે

ગાંધીનગર, તા. ૮

ગુલબાઈ ટેકરા, અમદાવાદ ખાતે કાર્યરત કે પી ભવન કેમ્પસ ખાતે સોમવારે અમીન પી જે કે પી વિદ્યાર્થી ભવન કેમ્પસ ખાતે નવા કે પી ભવનનો શિલાન્યાસ, સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી-સમાજ અગ્રણીઓના કન્વેન્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કે પી વિદ્યાર્થી ભવનની સ્થાપના ૧૯૩૦માં કરવામાં આવી છે અને તેના અનેક વિદ્યાર્થીઓ આજે સફળતમ જિંદગી જીવી રહ્યા છે. આ સ્થળે જ નવીન ભવનનો શિલાન્યાસ આયોજિત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે સવારે ૯-૩૦ કલાકે આયોજિત સમારોહમાં શિલાન્યાસ અને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના અનાવરણ માટે રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલા બેનીવાલ ઉપસ્થિત રહેશે. સ્વામી સચ્ચિદાનંદજીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સમારોહનો પ્રારંભ કરવામાં આવશે. સમારોહના સભાપતિ તરીકે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સમાજ શ્રેષ્ઠી બાબુભાઈ કે પટેલ ઉપસ્થિત રહેશે.

અતિથિ વિશેષ તરીકે મંત્રી નીતિનભાઈ પટેલ, દિલીપભાઈ સંઘાણી, સમાજ શ્રેષ્ઠી પ્રતાપભાઈ બુલાખીદાસ પટેલ, ડૉ. રાજુભાઈ ચતુરભાઈ માવાવાળા, ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખ અનિલભાઈ પટેલ તથા કડી સર્વવિશ્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ માણેકલાલ પટેલ ઉપસ્થિત રહેશે.

શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞમાં પુસ્તકોની પરબનું પણ આકર્ષણ

(તસવીર : કમલેશ શાહ)

ગાંધીનગર, તા. ૮

સેક્ટર-૫ સી ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત જ્ઞાન યજ્ઞ (કથા)ના સ્થળે પાણીની પરબની સાથે પુસ્તકોની પરબ પણ રાખવામાં આવી છે. આધ્યાત્મિક, ચિંતન ઉપરાંત બાળ સાહિત્ય પણ આ પરબમાં રાખવામાં આવ્યું છે. નગરની સેવાભાવી સંસ્થા જી ઈ કલબ દ્વારા પુસ્તક પરબનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

પુસ્તક પરબમાંથી વિનામૂલ્યે કોઈપણ વ્યક્તિ પોતાને પસંદ પડે તે પુસ્તક વાંચવા માટે લઈ જઈ શકે છે અને ઇચ્છે તો વાંચ્યા પછી તે પુસ્તક પરત પણ કરી શકે છે. આ માટે કોઈપણ વ્યક્તિ પાસેથી ભાડા પેટે કે ખરીદ પેટે કોઈ જ રકમ લેવામાં આવતી નથી. નિઃશુલ્ક પાણીની પરબની માફક આ પુસ્તકોની પરબની સેવા પણ નિઃશુલ્ક રાખવામાં આવી છે. પરબમાં રાખવામાં આવેલાં પુસ્તકો પણ નગરજનોના દાનથી જ ઉપલબ્ધ થયાં છે.

જાણવા જેવી વાત એ છે કે રવિવારે સવારે આ પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવ્યો ત્યારે તેમાં લોકો દ્વારા જ મળેલાં ૨૦૦ જેટલાં પુસ્તકો હતાં અને સાંજે જ્યારે પુસ્તક પરબને વિરામ આપવામાં આવ્યો ત્યારે પુસ્તકોની સંખ્યા ૨૫૦ જેટલી થઈ ગઈ હતી ! દિવસભર પચાસથી વધુ લોકોએ પુસ્તકોનો લાભ લીધો હતો અને પુસ્તકો વાંચવા માટે ઘરે પણ લઈ ગયા હતા, તેમ છતાં પુસ્તકોની સંખ્યા વધી ! મતલબ કે એક પુસ્તક વાંચવા માટે લઈ જનાર વ્યક્તિ સામે બે પુસ્તકો આપતા ગયા! ઈટ હૅપન્સ ઑન્લી ઈન ઈન્ડિયા !

આવતીકાલનો ઉજાસ

ખ્યાતિ ભગવાનભાઈ તરાળ
ધોરણ-૧૧, જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય

શિક્ષણક્ષેત્રે અને રમતગમત ક્ષેત્રે બહુમુખી પ્રતિભા ધરાવતી ખ્યાતિએ ખેલ મહાકુંભ અંતર્ગત જુડોની સ્પર્ધામાં રાજ્યકક્ષાએ પ્રથમ ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કરી અને ઍનસીસીમાં બેસ્ટ કૅડેટ તરીકે પસંદગી પામી શાળાના ગૌરવમાં અભિવૃદ્ધિ કરી છે.

ગ્રીષ્મા ઍચ જાસપુરીયા
ધોરણ-૧૦, જે એમ ચૌધરી સાર્વનિક કન્યા વિદ્યાલય

અભ્યાસમાં તેજસ્વી એવી ગ્રીષ્મા અભ્યાસમાં બાલમંદિરથી જ પ્રથમ નંબર મેળવતી આવી છે. આ ઉપરાંત વક્તૃત્વ, ચિત્ર, વિજ્ઞાન અને લેખનકળામાં પણ અવ્વલ રહેનાર આ વિદ્યાર્થીની શાંત અને વિનમ્ર સ્વભાવ ધરાવે છે. જિલ્લા માહિતી કચેરી દ્વારા યોજાયેલ નિબંધ લેખન સ્પર્ધામાં 'મારા સપનાનું સ્વર્ણિમ ગુજરાત' વિષય પર સુંદર લેખન કરી પ્રથમ ક્રમનું વિજેતાપદ તેણે હાંસલ કર્યું છે.

સ્કૂલ ફોર ઍક્સલન્સમાં બૉર્ડના વિદ્યાર્થીઓ માટે વેકેશન બેચ શરૂ થશે

વિદ્યાર્થીઓને વિષયની સંપૂર્ણ માહિતી આપી તૈયારી કરાવાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલી સ્કૂલ ફોર એક્સલન્સના મેનેજીંગ ટ્રસ્ટી વિશ્વબંધુભાઈ પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી ઉનાળા વેકેશનમાં શાળાના ધોરણ-૯માં પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે એસએસસીના મુખ્ય વિષયોની સઘન તૈયારી કરાવતી શૈક્ષણિક બેચ શરૂ કરવામાં આવશે.

સ્કૂલ ફોર એક્સલન્સ હંમેશા વિદ્યાર્થીઓની કારકર્દી માટે સઘન પ્રયત્નો કરતી રહી છે. જેના ઉપલક્ષમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પૂર્વે વિષયની સંપૂર્ણ માહિતી તથા તૈયારી કરાવતી વેકેશન બેચનો પ્રારંભ કરવામાં આવશે. ખાસ તો અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન જેવા વિદ્યાર્થીઓને અઘરા પડતા વિષયોનું શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

જીડીએમ તથા ઍચઍનજે કોબાવાલા શાળાનું ગૌરવ

પ્રતિભા શોધ સ્પર્ધામાં સંસ્થાના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ પ્રથમ તથા દ્વિતિય ક્રમે વિજેતા

ગાંધીનગર, તા. ૮

નડિયાદના હરિ ઓમ આશ્રમ પ્રેરિત અને ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજીત અંતિમ ગુજરાતી પ્રતિભા શોધ સ્પર્ધા તાજેતરમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે યોજવામાં આવી હતી. જેમાં જી.ડી.એમ. તથા એચ.એન. જે. કોબાવાલા શાળાના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાએ પ્રથમ અને દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

જી.ડી.એમ. તથા એચ.એન.જે. કોબાવાલા હાઈસ્કલની નિધિ શૈલેષભાઈ સુથારે માધ્યમિક વિભાગમાં રાજ્યકક્ષાએ પ્રથમ નંબર મેળવ્યો હતો. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જ્યોતિ જે. વાઘેલાએ પ્રથમ અને સયના એસ. દેસાઈએ દ્વિતીય નંબર મેળવી ગુજરાતી પ્રતિભા શોધ સ્પર્ધામાં પોતાનું કૌશલ્ય બનાવી શાળાનું તથા સમાજનું નામ રોશન કર્યું છે. શાળાના સ્પર્ધકોને અશ્વિનભાઈ દિવેકરે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તથા આચાર્યએ ત્રણેય વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગણીતના પેપરમાં ભૂલ બાદ બે ગુણ અપાય તેવી શક્યતા

ગુજકેટના પેપરમાં ભૂલ હોવાનો અભિપ્રાય હવે ઍક્સપર્ટે બૉર્ડને આપ્યો : ગુણ આપી દેવાના સંબંધમાં વિચારણા

અમદાવાદ, તા.૮

તાજેતરમાં ગુજકેટની પરીક્ષા આપી ચૂકેલા અને ગણિતનું પેપર અઘરું હોવાને કારણે માર્ક્સની બાબતમાં મૂંઝાઈ રહેલા તમામ વિદ્યાર્થીઓ માટે થોડી રાહતના સમાચાર છે. આ વિદ્યાર્થીઓને બે માર્ક્સની રાહત થઈ શકે છે એવા સમાચાર સામે આવ્યા છે.

ગુજકેટી પરીક્ષામાં ગણીત એ ફીઝીક્સનું પેપર અઘરું નીકળતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. ગણીતના પેપરમાં બે માર્ક્સની ભૂલ હોવાનો અભિપ્રાય એક્સપર્ટે શિક્ષણ બોર્ડને આપતાં વિદ્યાર્થીઓને બે માર્ક્સ આપી દેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મળતી માહિતી મુજબ ગુજકેટની પરીક્ષામાં પેપર ખુબ જ અઘરૂ નિકળ્યું હોઇ વિદ્યાર્થીઓ રીતસર રડી પડ્યા હતા. જેના પગલે બોર્ડ દ્વારા એક્સપર્ટ પાસે પેપરની તપાસ કરાવી હતી. જેમાં બે માર્કની ભુલ હોવાનું બહાર આવ્યું હતું. જેથી બોર્ડ દ્વારા હવે વધુ એક વાર એક્સપર્ટ પોસે પેપર ચેક કરાવશે. જો આ ભુલો વ્યાજબી હશે તો વિદ્યાર્થીઓને બે માર્ક મળી જશે.

જો કે તે માટે મંગળવારે સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. એવું જાણવા મળે છે. ગુજકેટના મેથ્સના પેપરને લઈને થયેલા ભારે હોબાળાના પગલે વાલીઓએ બોર્ડમાં રજુઆત કરી હતી. જેના પગલે તે જ દિવસે એક્સપર્ટ પાસે પેપર ચેક કરાવ્યું હતું. જેમાં બે માર્કની ભુલ હતી. જો કે હજુ વધુ ભુલો હોવાની ફરિયાદના પગલે ફરીથી એકવાર સોમ અને મંગળ એમ બે દિવસ એક્સપર્ટ ટીમ તપાસ કરશે. સંભવત વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા બે માર્ક મળી જાય તેવું નક્કી કરાય તેમ જણાય છે. જો કે આ અંગે સત્તાવાર જાહેરાત બોર્ડ દ્વારા મંગળવારે એક્સપર્ટ ટીમની તપાસના અંતે જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા સ્ત્રી સશક્તિકરણ અને સામાજિક ઉન્નતિ

કન્યા કેળવણીના સોનેરી સ્વપ્નને સાકાર કરવાના હેતુથી ૧૯૯૧માં ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કોલેજની સ્થાપના કરવામાં આવી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આદ્યસ્થાપક આર્ષદ્રષ્ટા પૂજ્ય છગનભાના કન્યા કેળવણીના સોનેરી સ્વપ્નને સાકાર કરવાના હેતુથી ૧૯૯૧માં ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજની સ્થાપના કરવામાં આવી અને કૉલેજને ગાંધીનગરની પ્રથમ મહિલા કૉલેજનું ગૌરવ હોવાનું સાંપડ્યું. ત્યારથી અત્યાર સુધી આ કૉલેજ ઉત્તરોત્તર વિકાસની દિશામાં અગ્રેસરિત થતી રહી છે.

'મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા સ્ત્રી સશક્તિકરણ અને સામાજિક ઉન્નતિ'ના ધ્યેયને કેન્દ્રમાં રાખી દર વર્ષે આ કૉલેજમાં બહુવિધ બૌદ્ધિક, સાંસ્કૃતિક, કલાકૌશલ્યને લગતી અનેક અભ્યાસેતર અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ થતી રહે છે.

કૉલેજના પુનર્મૂલ્યાંકન માટે યુજીસી તરફથી ૧૩, ૧૪, ૧૫ ઑક્ટોબર, ૨૦૧૧ના રોજ નેક કમિટી આવી હતી, જેણે કૉલેજની માળખાકીય સુવિધાઓ, અધ્યયન, અધ્યાપન, વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ વગેરે બાબતોને ધ્યાને લઈ કૉલેજને એ ગ્રેડ ઍનાયત કરવાની સાથે 'કૉલેજ વિથ પોટેન્શીયલ ફૉર ઍક્સલન્સ'નું સન્માનનીય બિરૂદ આપ્યું. આ આનંદની ઉજવણીના ભાગરૂપે તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ કૉલેજના સંસ્કારભવનમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મંડળના ચેરમેન, ટ્રસ્ટીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં દ્વિતિય વર્ષ બીકૉમની વિદ્યાર્થીની ભૂમિકા પ્રજાપતિને સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવવા બદલ સુવર્ણ ચંદ્રક ઍનાયત કરવામાં આવ્યો હતો.

(તસવીર : કુંતલ નિમાવત)

મારી શિક્ષાભૂમિ

ગત તા. બીજી તથા સાતમી ફેબ્રુઆરીના રોજ વાર્ષિક ઇનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિ.ની પરીક્ષાઓમાં ઉજ્જવળ પરિણામો મેળવેલ, બૌદ્ધિક તથા સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં વિજેતા નીવડેલ અને રમતગમત, ઍનસીસી, ઍનઍસઍસ જેવી પૂરક પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિલ્ડ, ચંદ્રકો, રોકડ, પ્રમાણપત્રો વગેરે આપીને બિરદાવવામાં આવી.

સમગ્ર વર્ષ દરમ્યાન સીડબલ્યૂડીસી તથા ઇકવલ ઑપર્ચ્યુનિટી સેન્ટરની પ્રવૃત્તિઓ અંતર્ગત વ્યાખ્યાનો, અતિથિઓનાં વક્તવ્યો, સ્પર્ધાઓ વગેરેનાં આયોજનો પણ મોટાપાયે હાથ ધરવામાં આવ્યાં હતાં.

કૉલેજમાં ચાલતી સ્વરોજગારની પ્રવૃત્તિ તથા કારકિર્દી માર્ગદર્શન અંતર્ગત પણ તજ્જ્ઞોનાં વ્યાખ્યાનો, કાર્યશાળાઓ, આર્ટ ઍન્ડ ક્રાફ્ટના વર્ગો, ગૃહ ઉદ્યોગને લગતા કાર્યક્રમો, સ્વનિર્ભર બનવા અંગે માર્ગદર્શન વગેરેનાં આયોજનો થયાં. રમતગમત પ્રવૃત્તિ અંતર્ગત કૉલેજની હૅન્ડબૉલની ટીમે સતત ૧૧મી વખત યુનિ. ચૅમ્પિયન બની કૉલેજને ગૌરવ અપાવ્યું.

રમતગમત, ઍનસીસી, ઍનઍસઍસ જેવી અભ્યાસપૂરક પ્રવૃત્તિઓના સંદર્ભે કૉલેજની વિદ્યાર્થીનીઓએ કૉલેજ, આંતર કૉલેજ, યુનિવર્સિટી, આંતર યુનિવર્સિટી, રાજ્યકક્ષા તેમજ રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લઈ ઉજ્જવળ સિદ્ધિઓ હાંસલ કરી. ઍનસીસી તથા ઍનઍસઍસ કૅમ્પનાં આયોજનો પણ થયાં.

ડિસેમ્બર માસના અંતિમ સપ્તાહમાં વિવિધ ડે જેમ કે પર્યાવરણ ડે, સાડી ડે, બ્લૅક ઍન્ડ વ્હાઈટ ડે, ટ્રેડીશનલ ડે, સ્પૉર્ટ્સ ડે, ડૉનેશન ડે વગેરેની ઉજવણીમાં વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો.

આપણી પ્રાચીન દેવભાષા સંસ્કૃત પરત્વે જાગૃતિ લાવવાના હેતુથી સંસ્કૃત સંભાષણ વર્ગો યોજવામાં આવ્યા, જેમાં સંસ્કૃત ભાષા સાહિત્યની મહત્તા, પ્રચાર-પ્રસાર, ઉપયોગિતા વગેરેને કેન્દ્રમાં રાખી વ્યાખ્યાનો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા. ઉપરાંત, તૃતિય વર્ષની વિદ્યાર્થીનીઓ માટે વિદાયનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં અવ્યો.

ગુરુપૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી, જેમાં વ્યાખ્યાન, નાટક પ્રસ્તુતિ, શ્લોકગાન વગેરે આયોજનો કરાયાં.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અંતર્ગત ગીત-સંગીત સ્પર્ધાઓ, દેશભક્તિ ગીત સ્પર્ધા, પ્રાદેશિક નૃત્યો, પાશ્ચાત્ય નૃત્યો, નવરાત્રી ગરબા વગેરેનાં આયોજનો થયાં.

કેશ ગૂંફન, રાખડી સ્પર્ધા, મહેંદી હરિફાઈ, કાર્ડ મેકીંગ, રંગોળી, આરતી સુશોભન, ટોય મેકીંગ, ફોટો ફ્રેમ મેકીંગ વગેરેની ભાતીગળ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

સમગ્ર વર્ષ દરમ્યાન અનેક બૌદ્ધિક પ્રવૃત્તિઓ જેવી કે પ્રપત્ર પઠન,

વક્તૃત્વ, કાવ્યપઠન, નિબંધ લેખન, અક્ષર બૉર્ડ, ક્વિઝ, અંતાક્ષરી વગેરે સાથે વિદ્યાર્થીનીઓ માટે જુદાં-જુદાં ક્ષેત્રોના નિષ્ણાતો બોલાવીને વ્યાખ્યાનોનાં આયોજનો, પરિસંવાદો, નેટ, સ્લેટ પરીક્ષાના વર્ગો અને માર્ગદર્શન, ભાવિ કારકિર્દી માટેના નિર્દેશો, પુસ્તક પ્રદર્શન, સાહિત્યકારોનાં વ્યાખ્યાનો વગેરેના આયોજનથી વિદ્યાર્થીનીઓની સુષુપ્ત શક્તિઓને જાગ્રત કરવાના પ્રયાસો કરવામાં આવ્યા.

શિક્ષણ ક્ષેત્રે અનેક નવી ક્ષિતિજોનો ઉદય થવાથી તેમજ શિક્ષણ ક્ષેત્રે પરીક્ષા પદ્ધતિમાં પરિવર્તનો થવાને કારણે અધ્યાપકોની મૂંઝવણોને દૂર કરવાના આશયથી યુજીસી દ્વારા અનુદાનિત રાજ્ય કક્ષાના અને રાષ્ટ્રીય કક્ષાના પાંચ સેમિનારનાં આયોજન થયાં. તાજેતરમાં અમદાવાદના એઍમએ ખાતે પણ કૉલેજ દ્વારા અધ્યાપકો માટે નેશનલ સેમિનાર યોજાયો તથા અધ્યાપકો માટે પણ કેસીજી ટ્રેનીંગ, પરિસંવાદો, વર્કશૉપ્સ વગેરેને પણ સુલભ બનાવવામાં આવ્યા. આ ઉપરાંત દરેક વિષય વિભાગોના અધ્યાપકો દ્વારા ગ્રામીણ ક્ષેત્રોમાં જઈને સીપીઈની ગ્રાન્ટ અન્વયે ઍક્સટેન્શન ઍક્ટીવિટીઝ હાથ ધરવામાં આવી, જે દ્વારા ગ્રામજનોમાં ચેતના લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો.